ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૩-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

લાખ દુઃખોંકી એક દવાઇ : સીબીઆઇ

તામિલનાડુના ખૂંખાર નેતા એમ. કરૂણાનિધિ મૂળે અચ્છા નાટ્યકાર છે. એમને રાજકારણમાં પણ નાટ્યાત્મક વળાંકો આણી મનગમતી 'ક્લાઇમેક્સ' આણવાની કળા આવડતી જ હોય. સ્થાનિક રાજકારણમાં એમને એક જમાનામાં સુપરસ્ટાર 'ભારત રત્ન' એમ.જી. રામચંદ્રનનાં હૃદય સ્વામિની એવાં જાજરમાન અભિનેત્રી જયલલિતા જયરામ સામે ટકવું હોય તો કંઇક ને કંઇક ખેલ પાડવો જ રહ્યો. શ્રીલંકામાં તમિલ પ્રજાની ઉપર થતાં અત્યાચારના મુદ્દે એમણે કેન્દ્ર સરકારને ઘૂંટણિયે પાડવાના કારસા કર્યા અને ઉતાવળે સરકારને આપેલું સમર્થન પાછું ખેંચી લીધું એથી દેખીતી રીતે જ ડૉ. મનમોહનસિંહના વડપણ હેઠળની સરકાર મુંઝવણમાં મુકાઇ ગઇ હતી. મુસીબતો આવે છે ત્યારે એક સામટી આવે છે, એ કહેવત મુજબ ઉત્તરપ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા પોલાદ પ્રધાન બેનીપ્રસાદ વર્માએ એજ અરસામાં પોત પ્રકાશ્યું. એમણે મુલાયમસિંહ યાદવ વિશે એલફેલ બકવાસ કરીને સરકારને મુશ્કેલીટાણે બળતામાં ઘી હોમવા જેવું કર્યું. હવે જો કરૂણાનિધિનાં પગલે મુલાયમ એમનો ટેકો પાછો ખેંચી લે અને માયાવતી પણ વેર વાળવાની તક ઝડપી લે તો યુપીએ-૨ સરકારને રાષ્ટ્રપતિ તો શું, ભગવાન ભોળોનાથ પણ ન બચાવી શકે. સરકાર પાસે બ્રહ્માસ્ત્ર જેવું હાથવગું હથિયાર છે સીબીઆઇ. સરકારને આંખો બતાવવા માંડેલા તમામ નેતાઓ વિરૂધ્ધ આ છેલ્લું શસ્ત્ર ઉગામવું અઘરૂં નથી કારણ કે બધાં ક્યાંક ને ક્યાંક ખરડાયેલાં છે. સંસદમાં ભાગ્યે જ કોઇ મોટા કદનો નેતા હશે જેની વિરૂધ્ધ આવકનાં જાણીતાં સ્રોતોની સરખામણીએ વધુ અસ્કામતો બાબતે તપાસ ન થઇ હોય. સરકારને એમનાં ટેકાની જરૂર હોવાથી આવી તમામ અમુક તબક્કે અટકાવી દેવાતી હોય છે. પરંતુ સંઘરેલો સાપણ પણ ખપમાં આવતો હોય તો સીબીઆઇની આવી તપાસ તો ખરા તાકડે અમૃત સંજીવનીની જ ગરજ સારે, એમાં નવાઇ શી? કરૂણાનિધિએ લાખ મનામણા છતાં જીદ જ છોડી અને સરકારને આપેલો ટેકા ખેંચી લીધો કે તાબડતોબ એમના લાડકા પુત્ર અન રાજકીય વારસ એમ.કે. સ્ટાલિનના ઘરે સીબીઆઇ પહોંચી ગઇ. ડીએમકેના યુવાન નેતાને મોંઘીદાટ વિદેશી કારની ડયૂટી ભરવાની જરૂર નહોતી લાગી કારણ કે કેન્દ્રમાં એમની ડ્યૂટી ચાલુ હતી! ક્યારેક આ પ્રકારનું પગલું વ્યહાત્મક ચાલના ભાગરૂપે ભરવામાં આવતું હોય છે. કૂતરાં બિલાડાંનાં મશે સાસુ વહુને શિખામણ કે ઠપકો સંભળાવતી હોય છે. કરૂણાનિધિના પગલાં પછી તાબડતોબ સીબીઆઇ સક્રિય બની જાય એ કેવળ યોગાનુયોગ ન હોઇ શકે. એમાં આયોજનપૂર્વકની ચાણક્યનીતિ છે. મુલાયમસિંહને ઠંડા પાડવા માટે કમલનાથ જેવા સિનિયર કેન્દ્રિય મંત્રીથી લઇ સોનિયા ગાંધી સુધીના વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓએ અક્ષરશઃ ક્ષમાયાચના કરી હતી પરંતુ એમણે બેનીપ્રસાદ વર્માનું માથું ન વધેરાય ત્યાં સુધી રિસામણાં ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો હતો. જેવા એમ.કે. સ્ટાલિનના ઘરે દરોડા પડ્યા કે મુલાયમ અને માયાવતી બેઉ ડાહ્યાં ડમરાં થઇ ગયાં! સીબીઆઇની તલવાર લાલુપ્રસાદના શિરે પણ લટકી રહી છે. તેથી સ્તો એમને બિહારના એમના કટ્ટર વિરોધી નીતિશ કુમારનાં વખાણ મૂંગે મોંએ સાંભળવાં પડે છે. કદાચ આ સીબીઆઇની દવા જ શરદપવાર આણિ કંપનીને પણ સખણી રાખવા માટે ખપ લાગતી હશે. પછી અણ્ણા હજારે આમરણાંત ઉપવાસ કરે તો પણ સરકાર સીબીઆઇને લોકપાલ હસ્તક કે સંપૂર્ણ સ્વાયત્ત બનાવવા સહમત થાય ખરી? સીબીઆઇ કોઇ પણ સરકાર માટે લાખ દુઃખોનો એક માત્ર રામબાણ ઇલાજ બની રહી છે.

એલ.ડી.આર.પી. કોલેજમાં શ્રેષ્ઠ મહિલાઓનું સન્માન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨

એલ.ડી.આર.પી. આઈ.ટી.આર. કોલેજમાં વુમન ડેવલેપમેન્ટ સેલ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવેલ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. માહિતીખાતાના નાયબ નિયામક પ્રજ્ઞાબેન પટેલ, રમતક્ષેત્ર હૉકી કોચની ફરજ બજાવતા ઈલારાની શર્મા, બેડ મિંટન પ્લેયર પારૂલબેન પરમાર, અંગ્રેજી માધ્યમના આચાર્યા નીતા શાહ, બેસ્ટ શિક્ષમ ડૉ. વર્ષાબેન પરીખ, ગાંધીનગર-અમદાવાદ સરખેજ રૂટ પર જીપ ચલાવનાર દક્ષાબેનને સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરાએ સંબોધન કરેલ હતું. સંચાલન પ્રા. અંકિતા પરીખે અને નૌરીન જે. વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

શિવરંજની દશાબ્દી વર્ષમાં સભ્યપદ મેળવવા બાબત

ગાંધીનગર, તા. ૨૨

શિવરંજની સંસ્થાના ચાલુ વર્ષના કાર્યક્રમમાં જિંદગી કા સફર સાથે દશાબ્દી વર્ષ ૨૦૧૩-૧૪ના સભ્ય પદ ફોર્મ આગામી વર્ષો માટે ભરવાનું રહેશે. વર્ષ દરમ્યાન ૮ કાર્યક્રમો યોજાશે. સંસ્થાના પ્રમુખના સંપર્કમાટે ૯૯૦૯૯૦૦૬૫૦નંબર વધુ માહિતી મેળવવા જણાવેલ છે.

બાયોલોજીના પેપરમાં પુસ્તકના ખૂણે-ખાંચરેથી સવાલો પૂછાયા

પેપર સરળ છતા લેન્ધી કેટલાક પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પૂછાયા

ગાંધીનગર, તા.૨૨

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૪માં આજે બાયોલોજી વિષયની પીરક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૧૬૩૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૨ પરીક્ષાર્થી ગેરહાજર રહ્યા હતા. પેપર ટેક્ષબેઈઝ અને સરળ હોવાથી પરીક્ષાર્થીઓની મુંઝવણ દૂર થઈ હતી પરંતુ એમ.સી.ક્યુ. ટ્વીસ્ટ કરીને પૂછાતા અમુક વિદ્યાર્થીઓને પેપર લેન્ધી લાગ્યું હતું.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૪ની બોર્ડ પરીક્ષા દરમિયાન આજે જીવવિજ્ઞાનની પરીક્ષા લેવાઈ હતી. ફીઝીકસ, અંગ્રેજી વિષયની જેમ બાયોલોજીનું પ્રશ્નપત્ર પણ વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યું હતું. ઈન્ફોસિટી સાયન્સ કોલેજના વિષય નિષ્ણાત પ્રદીપ ગગલાણીના મતે બાયોલોજીનું પેપર સરળ અને ટેક્ષબેઈઝ હતું. એમ.સી.ક્યુ.ના પ્રશ્નો પુસ્તકના ખુણે ખાંચરેથી પુછાયા હતા. જયારે ઘણા ખરા પ્રશ્નો ટવીસ્ટ કરીને પુછાતા પરીક્ષાર્થીઓએ સમજી-વિચારીને ઉત્તરો લખવા પડયા હતા. બી-વિભાગના પ્રશ્નો પણ સરળ હતા. અલબત્ પેપર સરળ હોવા છતાં વિદ્યાર્થીઓને થોડું લેન્ધી લાગ્યું હતું. જિલ્લામાંથી ૧૬૩૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બોર્ડની પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો નથી. ધો-૧૨ સેમેસ્ટર-૪માં મોટાભાગના મહત્વના વિષયોની પરીક્ષા પૂર્ણ થઈ જતા વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો છે.

જે.એસ.જી. યુવા ફોરમ દ્વારા કારકિર્દી ઘડતર સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગરના યુવા ફોરમ દ્વારા તા. ૨૭મી માર્ચ-૨૦૧૩ને ધૂળેટીના દિવસે બપોરે ૧.૪૫ થી ૪.૩૦ કલાક દરમિયાન વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઘડતર સેમીનાર આંબેડકર હોલ ખાતે યોજાશે.

યુવા ફોરમના કન્વીનર ધવલ શાહ અને પ્રમુખ મીત શાહે જણાવ્યું છે કે ધૂળેટીના દિવસે તા. ૨૭મીએ આંબેડકર હોલ, સેક્ટર-૧૨-સી, ગાંધીનગર ખાતે ધોરણ-૧૦ થી ઉપરના અભ્યાસુઓ માટે તેઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કેરીઅર ડેવલપમેન્ટ સેમીનાર આયોજીત થશે જેનું રજીસ્ટ્રેશન ૫૦ રૂ. ભરીને કરી શકાશે.

વનશ્રી ટ્રસ્ટે વિશ્વ જળ દિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૨

વનશ્રી ટ્રસ્ટ દ્વારા ૨૨મી માર્ચ-૨૦૧૩ના રોજ વિશ્વજળ દિવસની ઉજવણી ઉવારસદ ગામે કરવામાં આવી હતી. આ પ્રસંગે પક્ષી પરબનું વિતરણ કરી ગ્રામજનોને વિવેકપૂર્વક પાણીનો ઉપયોગ કરવા અને મહત્તમ પાણી બચાવવા જણાવ્યું હતું.

વિશ્વ જળ દિન નિમિત્તે ઉવારસદ ગામે વનશ્રી ટ્રસ્ટના ગ્રીન મોટીવેટર અંજના નિમાવત દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પક્ષીઓ માટે દર વર્ષે પક્ષી પરબનું વિતરણ કરવામાં આવે છે. ગ્રામજનોને વિવેકપૂર્ણ પાણીનો ઉપયોગ અને મહત્તમ પાણી બચાવોના ઉપાયો બતાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અલ્પેશ પટેલ, જગદીશભાઈ પટેલ, જીતુભાઈ ઠાકોર અને સંજયભાઈ પટેલે કર્યુંહતું. અંજના નિમાવતે 'પાણીને બચાવશો તો પાણી તમને બચાવશે' એમ સૂત્ર આપી સમગ્ર વિશ્વ જળ દિનની ઉજવણી કરી હતી.

હાશ.. હવે તને એલર્જી નહી થાય અને દવાનો ખર્ચો પણ નહીં...!!

આજે કુમકુમ કલા ગ્રુપ દ્વારા નાટય પ્રસ્તુતિ થશે

રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અને સંગીત નાટક અકાદમીના સહયોગથી કુમકુમ કલા ગ્રૂપ 'મેળાનો મને થાક લાગે' નાટક રજૂ કરશે. કુમકુમ કલા ગ્રૂપ દ્વારા 'મેળાનો મને થાક લાગે' બે અંકનું નાટક આજે તા.૨ ૩મી માર્ચ ૨૦૧૩ને શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે રંગ મંડળ, બી.કે. હોલ, પ્રિતમનગર અખાડા, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે ભજવાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સચિવ ડૉ. પ્રદિપ આઝાદ ખાસ ઉપસ્થિત રહેશે. 'મેળાનો મને થાક લાગે' નાટકમાં વિભા ઠક્કર, માલા ગઢવી, શીતલ ચૌધરી, લવ રાવત, તુષાર દવે, અભિપ્સા ચૌહાણ, મહેશ પ્રજાપતિ, ઈમરાન મેમણ, બ્રીજરાજસિંહ ઝાલા અને ધવલ નાયી અભિનય આપશે. પન્નાલાલ પટેલની વાત્રકના કાંઠેની વાર્તા ઉપરથી સમગ્ર નાટકની રજૂઆત થઈ છે.

એન.સી.સી. દ્વારા વાયબ્રન્ટ ગુજરાતમાં સફળ નિદર્શન

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ૧૨૦ જેટલા દેશોએ હાજરી આપી કાર્યક્રમો માણ્યા હતા. જેમાં એન.સી.સી. દ્વારા વાયબ્રન્ટ ગુજરાત અને શૈક્ષણિક સંસ્થાઓ માટે મેજર જનરલ દિલાવરસિંગ એડીજી એન.સી.સી.એ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લીધો હતો.

એન.સી.સી.નું વિશ્વ કક્ષાએ મહત્વ રજૂ કરવા ગુજરાત સરકારનું આમંત્રણ સ્વીકારી મેજર જનરલ દિલાવરસિંહે આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લીધો હતો. ૨ ગુજરાત ઈન્ડિપ કોચ એન.સી.સી.ના કમાન્ડીંગ ઓફિસર કર્નલ સંદીપ સિંગની આગેવાની હેઠળ કેડેટર્સે સફળતાપૂર્વક વાયબ્રન્ટ ગુજરાત અને શૈક્ષણિક સંસ્થા માટેના આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ૬ જાન્યુ-૨૦૧૩ થી ૧૩ જાન્યુ. ૨૦૧૩ અને ૯ જાન્યુ. ૨૦૧૩ થી ૧૦ જાન્યુ. ૨૦૧૩માં સફળતાપૂર્વક ભાગ લીધો હતો. કર્નલ સંદીપ સિંગ અને તેમની ટીમ દ્વારા એન.સી.સી. અંગેની માહિતીઓ ખુબજ વિસ્તારપૂર્વક પ્રદર્શિત કરવામાં આવી હતી.

પ્રજાપતિ સમાજના યુવાનો માટે ૨૪મીએ કારકિર્દી તાલીમ સેમીનાર યોજાશે

ઉત્તર ગુજરાત સમસ્ત પ્રજાપતિ સમાજ સંગઠનના પ્રમુખ ધનજીભાઈ પ્રજાપતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આવતીકાલે તા. ૨૪મી માર્ચ-૨૦૧૩ને રવિવારે સવારે ૯ કલાકે પ્રજાપતિ વાડી, ટી.બી. રોડ, મહેસાણા ખાતે પ્રજાપતિ સમાજના યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી કારકિર્દી તાલીમ સેમીનાર યોજાશે.

આગામી સમયમાં આવનાર સરકારી વિભાગોની ભરતી માટે વિવિધ પરીક્ષાલક્ષી કારકિર્દી તાલીમ સેમીનાર તા. ૨૪મી માર્ચને રવિવારે મહેસાણા ખાતે યોજાશે. મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને ગાંધીનગર જિલ્લાના તમામ પ્રજાપતિ સમાજના ધોરણ-૧૨ પાસ અને સ્નાતક, અનુસ્નાતક યુવક-યુવતીઓને સંભવિત જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી., બેંક ક્લાર્કઅને અન્ય આવનારી ભરતી માટે ગત વર્ષની જેમ વર્ગશરૂ કરવાના હોવાથી હાજર રહેવા મહામંત્રી વિરચંદભાઈ પ્રજાપતિએ ખાસ જણાવ્યું છે.

એલ.ડી.આર.પી. કોલેજમાં સ્પોર્ટસ ફેસ્ટની ઉજવણી

એલ.ડી.આર.પી. આઈ.ટી.આર. કોલેજમાં સ્પોર્ટસ ફેસ્ટ ૨૦૧૩ની ઉજવણી કરવામાં આવી. કોમ્પ્યુટર, આઈ.ટી. ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યનીકેશન તથા અન્ય એન્જીનીયરીંગ વિભાગોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ક્રિકેટ, વોલીબોલ, બેડમિંટન, ટેબલ ટેનિસ, ચેસ, કેરમનો સમાવેશ થાય છે. ઓવર ઓલ ચેમ્પિયનશીપ ટ્રોફી ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનિકેશને મેળવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને મેડલ પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરાએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ડાયરેકટર ઓફ ફિઝીકલ એજ્યુકેશનના નોરીન જે. વૈદ્યના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

વિજ્ઞાનપ્રવાહ દ્વિતીય સેમેસ્ટરની હોલ ટિકિટ ૨ એપ્રિલે મળી શકશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરીક્ષા સચિવે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ઉચ્ચતર માધ્યમિક પ્ર. પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ દ્વિતીય સેમેસ્ટરની ફી રસીદનું વિતરણ તેમજ વિજ્ઞાનપ્રવાહ ચોથું સેમેસ્ટર સામાન્ય પ્રવાહ પ્રાયોગિક ગુણપત્રકો તેમજ નામ સુધારા તા. ૨ એપ્રિલ ૨૦૧૩ને મંગળવારે સવારે ૧૧ થી સાંજે ૪ કલાક દરમિયાન જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે સ્વીકારવામાં આવશે.

વિજ્ઞાન પ્રવાહ દ્વિતીય સેમેસ્ટરની ફી રસીદ (હોલ ટિકિટ)નું વિતરણ, વિજ્ઞાન પ્રવાહ ચોથું સેમેસ્ટર સામાન્ય પ્રવાહ પ્રાયોગિક ગુણપત્રકો તેમજ નામ સુધારાની યાદી તા. ૨ એપ્રિલ ૨૦૧૩ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ સ્વીકારવામાં આવશે. રાજયની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ તેમનાં પ્રતિનિધિને મોકલીને વિજ્ઞાન પ્રવાહ દ્વિતીય સેમેસ્ટરની ફી રસીદ મેળવી લેવી તેમજ વિજ્ઞાન પ્રવાહ ચોથું સેમેસ્ટર સામાન્ય પ્રવાહ પ્રાયોગિક ગુણપત્રકો તેમજ નામ સુધારા જરૂર જમા કરાવવાનાં રહેશે. જેની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં આચાર્યઓએ નોંધ લેવી.

'મજલિસે - મીર' અને સિતારોં સે આગે' જેવા માતબર કાર્યક્રમથી આરંભાયેલી કલાગુર્જરીથી વીતેલાં વર્ષની સૂરીલી સફર 'મૌસમ સૂફિયાના' જેવા વધુ 'લાજવાબ' કાર્યક્રમ સાથે સંપન્ન; છંતેજાર ઓર વિશિષ્ટ કાર્યક્રમોનો

ગીત-સંગીત-નાટકના કંઇક વિશિષ્ટ કાર્યક્રમો નગરનાં કલાપ્રેમીઓ માટે પ્રસ્તુત કરતી ગાંધીનગરની કલાસંસ્થા 'કલાગુર્જરી' આયોજિત છેલ્લો કાર્યક્રમ 'મૌસમ સૂફિયાના' પણ આવો જ "હન્ડ્રેડ પર્સન્ટ ગેરન્ટેડ" પ્રોગ્રામ બની રહ્યો. તેથી જ તા. ૧૬મી માર્ચની રાત્રે ટાઉનહોલ ખાતે જે જે કલારસિકોએ તેને માણ્યો એ સૌએ એને ભરપેટ વખાણ્યો તથા 'કલા ગુર્જરી' ઉપર અભિનંદનનો વરસાદ વરસાવ્યો.

સંગીતમાં ગાનાર અને સાંભળનાર બંનેને બહુ જ ભૂલાવી દઇ, ખુદમાં જ મસ્ત બનાવી દેવાનો જાદું છે. એમાં ય સૂફી સંગીત એટલે તો સૂર - સ્વર - શબ્દોની આરાધના થકી, પરમતત્ત્વ સાથે એક તાર - એકાકાર થઇ જવાનું માધ્યમ... 'કલાગુર્જરી' પ્રસ્તુત સૂફી સંગીતની આ સૂરમયી યાત્રા આ વાતની સૌને અનુભૂતિ કરાવી ગઇ એમ જરૂર કહી શકાય.

"મૌસમ સૂફિયાના"ના જલસામાં ભલે કૈલાસ ખેર, રાહત ફતેહ અલી ખાન, આબીદા પરવીન, નૂસરત ફતેહ અલી ખાન વગેરેના કંઠે ગવાયેલ ફિલ્મી - નોન ફિલ્મી ગીતો પૈકી ૨૪-૨૫ ગીતો રજૂ થતાં હોય પરંતુ જો કેવળ "પિયા હાજી અલી...પિયા હાજી અલી," "તેરે વાસ્તે મેરા ઇશ્ક સૂફીયાના" (દિલ્લી દેસાઇ), "અલબેલા સજન આયો રે..." (મિહિર જાની), "સૈયા સૈયા સૈયા" (હર્ષ શાહ), પિયારે... પિયારે... તેરે બિના લાગે ના મારા જિયારે..." (મિહિર જાની) "ખ્વાજા મેરે ખ્વાજા... આજા દિલ મેં સમાજા..." (હર્ષ શાહ) તેમ જ "સાંસો કી માલા મેં સિમરૂં પિ કા નામ..." (દિલ્લી - અમીન) તથા "કેસરિયા બાલમ પધારો મારે દેશ રે..." અને "છાપ તિલક સબ છીનરી, મોસે નૈનાં મિલાય કે." તેમજ "મૈં સૂતી રૈયાં... મૈં સૂતી રૈયા... અમરત બેલે ને મૈં ભૂલ ગઇ માં" એટલાં જ ગીતો ગળામાં હોત તોય પૈસા વસૂલ હતા... એવી મીઠી, હૃદય સ્પર્શી - ભાવવાહી અને મસ્તીભરી રીતે કલાકારો દ્વાર દિલ દઇને આ ગીતો ગળામાં હતા કે સૌ બોલી ઊઠતાં હતા. "વાહ... ક્યા બાત હૈ..."

ગુજરાતના અગ્રણી સંગીત સંચાલક - મ્યુઝિક એરેન્જર તથા અચ્છા કંપોઝર ભાઇ અમીત ઠક્કરની રાહબરી હેઠળ, તબલાં અને ડફ્લી ઉપર ઋષિ સરૈયાએ અને રીધમ સાઇડનાં સાથી વાદકારોએ કાર્યક્રમના મ્યુઝિક સેકશન બેલેન્સડ, મેલોડિયસ બનાવી રાખ્યું તો દિલ્લી દેસાઇએ સીગીંગ પાર્ટનો સમગ્ર ભાર કાબિલે-દાદ ઉપાડી લઇ 'મૌસમ સૂફિયાના'નો અસલ રંગ અને મિજાજ જાળવી રાખ્યાં હતા... અને આમ જોઇએ તો અનુભવી, નીવડેલા ગાયક તરીકે બહેન દિલ્લી માટે આ કામ અતિ સાહજિક જ હતું. તો સાથી કલાકારો , નવલોહિયા - લબરમૂછિયા ગાયકો મિહિર જાની, હર્ષ શાહ તથા નાજુક - નમણી - નાનકડી દેખાતી ગાયિકા બહેન નયના શર્માએ ગાયિકીની ખુબીઓ, ગળાની રેન્જ અને સૂર પરની પકડ થકી પોતાના પુખ્તતા, સંગીત સાધના માટેની પ્રતિબધ્ધતા અને કલાકાર તરીકેની 'હાઇટ'નો જડબેસલાક પરિચય કરાવી દીધો હતો. સૌને - ગાયકો - વાદ્યવૃંદની સમગ્ર ટીમને ગાંધીનગરના સંગીતપ્રેમીઓ વતી દિલી અભિનંદન...

'કલાગુર્જરી'ની કલાયાત્રા!

- પ્રકાશ લાલા

ભાઇ અમીત ઠક્કર જયારે કોઇ "થીમ બેઇઝ્ડ" પ્રોગ્રામ હાથ પર લે છે, ત્યારે એનાં માટે જરૂરી સંશોધન કરવાનો સજ્જડ પુરૂષાર્થ કરે છે એ વાત પ્રોગ્રામની પ્રસ્તુતિમાં અવશ્ય પડઘાય છે.

"મૌસમ સૂફિયાના" દરમિયાન તેમણે "કવ્વાલી" અને "સૂફીઇઝમ" વિશે રસપ્રદ - માહિતીપૂર્વ વાતો કરી. "કવ્વાલી" મૂળ "કોલ" શબ્દ પરથી આવી છે. "કોલ" એટલે વચન - ખુદા - પરમતત્ત્વ પ્રત્યેની પ્રતિબદ્ધતા, કમીટમેન્ટનું વચન. 'કોલ' એટલે પોકાર. "કવ્વાલી" એ હેતુ સથે વણાયેલો ભક્તિસંગીત પ્રકાર છે.

તો સૂફીવાદ - સૂફીઇઝમનાં ત્રણ અંગો તવ્વસુમ (પરમ તત્ત્વનું વિઝ્યુલાઇઝેશન - (ચિત્રાંકન) તરસ (મળવાનો તલસાટ, ઉત્કૃટ ઝંખના અને ફના (ફનાગિરિ - સમર્પિત થઇ જવાની ખેવના.) આ ત્રણ અંગો પર ઊભું છે સૂફી ગીત - સંગીત. વાહ - અમીત ઠક્કર.

કાર્યક્રમના એન્કર - સંચાલક સ્વયં સમ્રાટ (દવે) હોય પછી પ્રજા (પ્રેક્ષકો) રાજી રાજી જ હોય ને! એઝ યુઝવલ (લાઇક હીઝ ફાઇર સમર્થ હાસ્ય લેખક શ્રી અશોક દવે 'દાદ' જ સ્તો!) સમ્રાટ દવે એમની ચબકારીભરી, મર્મીલી, વેધક 'કોમેન્ટ્સ' પીરસી વાતાવરણને હળવું બનાવવામાં, પ્રેક્ષકોને હસાવવામાં - મોજ કરાવવામાં સફળ રહ્યાં જ.

સમ્રાટ દવેનાં સાહજિક સંચાલનની કુશળતાને સલામ પણ 'મૌસમ સૂફિયાના' માં ક્યારેક એમની રાજકારણ, પતિ-પત્ની ઉપરની જોક્સ કે કોમેન્ટ્સ સૂફી ગીત-સંગીતનાં માધ્યમથી કલાકારોએ `પરમ તત્ત્વ સાથે જોડાઇ જવાની, એનામાં લીન થઇ જવાની ઊભી કરેલી ક્ષણો પાછી વિખરાઇ જતી હોવાની અનુભૂતિ ઘણાંએ કરી...

બાકી તો, "પિયા હાજી અલી... પિયા હાજી અલી..." થી આરંભાયેલી અને "છાપ તિલક સબ છીનરી મોસે નૈનાં મિલાઇ કે..." થી સંપન્ન થયેલી સૂફી સંગીતની આધ્યાત્મિક સફર વચ્ચે ખુલ્લો મુકી દેવાયેલ ફિલ્મી અને ગૈર ફિલ્મી સૂફી ગીતોનાં ખજાનાએ સાચ્ચે જ સૂફિયાના મૌસમનો આહ્લાદક - મીઠો - માદક - રોમાંચક સ્પર્શ કરાવ્યો એટલું જ નહીં, બધાંને એમાં રસતરબોળ કરી દીધાં હતા એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

"કલાગુર્જરી" નો વર્ષ ૨૦૧૨-૧૩નો આ છેલ્લે કાર્યક્રમ માણતાં માણતાં બે કહેવતો અનાયાસે યાદ આવી ગઇ : "ફર્સ્ટ ઇમ્પ્રેશન ઇઝ ધ લાસ્ટ ઇમ્પ્રેશન" અને "ઓલ ઇશ વેલ ધેટ એન્ડ્સ વેલ" "કલાગુર્જરી"ની વીતેલા વર્ષની કલાયાત્રા "મજલિસે મીર" અને "સિતારોં સે આગે" જેવા માતબર, અનોખા કાર્યક્રમથી થઇ હતી ત્યારે જ લાગ્યું હતું કે આરંભ આવો સરસ - ભવ્ય છે તો તેનું સમાપન પણ જોરદાર જ હશે... (ફર્સ્ટ ઇમ્પ્રેશન...) અને કહેતાં આનંદ થાય છે કે, "મૌસમ સૂફિયાના" જેવા "લાજવાબ" કાર્યક્રમે એ અનુમાન - આશા સાચા પાડ્યાં છે...

આવા સરસ - સમૃધ્ધ કાર્યક્રમો માણવા જેમને મળ્યા એ "કલાગુર્જરી"ના સભ્યો સાચે જ ભાગ્યશાળી છે... નવા વર્ષમાં જયારે આથી ય અદકેરી કલા પ્રસ્તુતિ માટે સંસ્થાના સૂત્રધારો કટિબદ્ધ છે ત્યારે સભ્યપદ મેળવી લઇ આપણું આગામી વર્ષનું સદ્ભાગ્ય 'સીક્યોર' કેમ ન કરી લઇએ? "કલાગુર્જરી"ને સુંદર કાર્યક્રમો બદલ અભિનંદન અને "ઓલ ધી બેસ્ટ ફોર કમીંગ ઇયર"